# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં. તા: ૫/૪/૨૦૨૦

તંત્રીશ્રી, ___________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ખાતાકીય વડા)

---

# કોરોનાની સૌથી મોટી અસર સ્ટેજ ઉપર અભિનય કરતા કલાકારો ઉપર પડી છે : અભિનેતા દર્શન જરીવાલા

**<u>ચેમ્બર દ્વારા વેબીનારમાં જાણીતા કલાકાર દર્શન જરીવાલા સાથે વિચાર ગોષ્ઠી યોજાઇ</u>**

સુરત. ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા ગઇકાલે સાંજે ૫:૦૦ કલાકે ફિલ્મો અને નાટકોના વિખ્યાત અભિનેતા શ્રી દર્શન જરીવાલા સાથે વિચાર ગોષ્ઠીનું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં તેમણે હાલમાં કોરોનાની સૌથી મોટી અસર સ્ટેજ ઉપર અભિનય કરતા કલાકારો ઉપર પડી હોવાનુ જણાવ્યુ હતુ. ગુજરાતી નાટકોની સ્થિતિને સુધારવા માટે પેશનવાળા પ્રોડયુસરની જરૂર હોવાની ટકોર કરી નેપોટીઝમ વિશે પોતાનુ મંતવ્ય રજૂ કરતાની સાથે તેમણે ફિલ્મ તેમજ નાટય જગતની ખૂબ જ રસપ્રદ વાતો વાગોળી હતી.

ચેમ્બરના પ્રમુખ શ્રી કેતન દેસાઇએ જણાવ્યુ હતુ કે, લોકડાઉનની સ્થિતિમાં વેબીનાર થકી ચેમ્બરના સભ્યો તેમજ ઉદ્યોગકારોને વિવિધ વિષયોની માહિતી પહોંચાડવાનો પ્રયાસ કરવામાં આવી રહયો છે. જેના ભાગરૂપે આજરોજ ફિલ્મ જગત તેમજ નાટય જગત સાથે સંકળાયેલી હસ્તી એવા અભિનેતા શ્રી દર્શન જરીવાલા સાથે વેબીનારનું આયોજન કરવામાં આવ્યુ છે.

અભિનેતા શ્રી દર્શન જરીવાલાએ જણાવ્યુ હતુ કે, આમ તો લોકડાઉનની અસર બધાને જ થઇ છે પણ સૌથી વધુ અસર એવા લોકોને થઇ છે કે જેઓને લોકોના ટોળાં વચ્ચે જઇને કામ કરવાનું હોય છે. ભલે એ નાટય જગતના હોય, નૃત્યની દુનિયાના હોય, સંગિતકાર હોય કે ગાયક એવા લોકોને ઓડિયન્સની વચ્ચે જઇને જ કામ કરવાનું હોય છે. અમે સ્ટેજ પર હોઈએ ત્યારે સામે ૫૦૦ પ્રેક્ષકો બેસેલા હોય અને તેઓ અમને પ્રતિભાવ આપે, જેને કારણે જે ભજવાઇ રહયુ હોય તે પણ ઘડાતું જાય છે. જેમાં પહેલાથી નકકી કરેલુ નાટક ભલે હોય પણ પર્ફોમન્સ

વખતે ઓડિયન્સના રિસ્પોન્સને કારણે કલાકારોને હોપ મળતી હોય છે. સ્ટેજ ઉપર અભિનય કરતા કલાકારો ઉપર સૌથી મોટી અસર પડી છે.

હું એક સ્ટેજના કલાકાર તરીકે સ્ટેજ પર પણ અભિનય કરુ છુ. આપણે બધા જ ઓછાવત્તા અંશે અભિનેતા છીએ. રોજિંદા જીવનમાં ઘણા બધા લોકો સાથે નેગોશિએટ કરવું પડે છે તેમાં પણ અભિનય છુપાયેલો હોય છે. કારણ કે આપણે બધાની સાથે એકસરખી નહીં પણ જુદી–જુદી રીતે વાત કરતા હોય છે, જે પણ એક અભિનય જ છે. આપણા જીવનમાં વાર્તાઓનું બહુ જ મહત્વ છે. સુક્ષુપ્ત રીતે આપના મનમાં વાર્તા ચાલતી જ હોય છે. લોકડાઉનની પરિસ્થિતિમાં જુદા પ્રકારનો અભિનય કરવાનો વારો આવ્યો છે. ક્રિએટીવિટી ભલે એ જ છે પણ એના ઓપ્શન્સ જુદા–જુદા છે.

તેમણે જણાવ્યુ હતુ કે, બોલાયેલી ભાષા અને પાના પર લખાયેલી ભાષા એ બંને વચ્ચે જીવન – મરણ વચ્ચેનો ફરક છે. એક અભિનેતા, અભિનયની મર્યાદાઓથી બહાર જઇને નાટક લખે છે. પણ મોટાભાગે સ્ટેજની મર્યાદાને ઘ્યાનમાં રાખીને નાટકો લખાતા હોય છે. આ મર્યાદા તોડીને નાટક લખાશે તો મારા મુજબ એ સૌથી વધારે સારુ લખી શકાશે. લોકો મોટાભાગે મને સ્ટાઇલના પ્રિન્સીપાલ તરીકે ઓળખે છે, ઘણા લોકો મને નરસિંહ મહેતાથી ઓળખે છે. ગાંધીના પાત્રમાં દર્શન જરીવાલા દેખાય જ નહીં તે જ મહત્વનું હોય છે. જાતની બાદબાકી કરી પાત્રનું સત્ય શું છે તે ઉભું કરવાના બધા જ પ્રયત્નો કરતો હોવુ છુ.

તેમણે કહયુ કે, માણસમાં કોઇ ઇગો હોય તો જ એ ક્રિએટીવિટી કરી શકે છે. વ્યકિત વિશેની કોન્શીયસનેસ બાજુમાં મુકીને પાત્રને આગળ મુકીને ચાલવુ જોઇએ. સ્ટેજ પર બધા અભિનેતામાં સ્વીકૃતિ હોય છે કારણ કે એ ટીમ વર્કનું કામ હોય છે. રમુજમાં એકબીજાની ટાંટીયાખેંચ ચાલતી હોય છે પણ એની અસર કોઇ દિવસ સ્ટેજ પર નહીં થવી જોઇએ. તમે જયારે સ્ટેજ પર હોવ ત્યારે નિર્જન ટાપુ પર હોવ તેમ માનીને તમારા અને નાટકના પાત્ર વચ્ચે કંઇ જ ન આવવુ જોઇએ. બીજી બધી બાબતો સ્પર્શશે નહીં ત્યારે જ તમે તમારા પાત્રને વફાદાર રહી શકો. મારા મતે અભિનેતાએ પાત્રમાં જ રચ્યાપચ્યા રહેવુ જોઇએ.

તેમણે અભિનેતા શ્રી પરેશ રાવલ અને શ્રી શરમન જોશીની સાથે ફિલ્મોમાં તેમજ નાટકોમાં કામ કરવાનો પોતાનો અનુભવ પણ વર્ણવ્યો હતો. આ લોકોએ મને સ્ટેજ અને ફિલ્મ જેવી યાદગાર ક્ષણો ભેટ આપી હોવાનુ જણાવ્યુ હતુ. તેમણે કહયુ કે, શ્રી પરેશ રાવલ અને શ્રી નસીરૂદ્દીન શાહ જેવા બે – ચાર જણાંને એકટીગમાં હુ બાપ માનુ છુ. ‘બે યાર’ મારી માનીતી ફિલ્મ છે. અભિષેક જૈન પાસેથી સામેથી ચાલીને મે પાત્ર માગ્યુ હતુ. એમના મનમાં જુદુ પાત્ર હતુ પણ મે આખી સ્ક્રીપ્ટ વાંચીને પાત્રની માંગ કરી હતી. ખૂબ જ સરસ રોલ હતો. એક સીનમાં ચિત્ર બનાવીને આપે ત્યારે મિત્ર વિશે વાત કરે છે અને યાદોમાં સરી પડીને વાત કરે છે એ ક્ષણ મને ખૂબ જ ગમ્યો હતો. એમાં દિકરા સાથેનો બીજો એક કોમેડી સીન પણ બહુ જ ગમ્યો હતો.

ફિલ્મ જગતના મહાનાયક શ્રી અભિતાભ બચ્ચન વિશેનો અનુભવ વ્યકત કરતા તેમણે જણાવ્યુ કે, બચ્ચન સાહેબ એટલે હિમાલયન મેન. તેમની સાથે કામ કરો એટલે એકટીગનો કોર્ષ શીખી જવાનો મોકો મળી જાય છે. તેમની સાથે કામ કરતા હોવ ત્યારે દરરોજ સાત વાગ્યે ઉઠતા હોવ તો આપોઆપ પાંચ વાગ્યે ઉઠી જશો. કેટલાક લોકો ઘણા હંબલ હોવાનો ડોળ કરતા હોય છે પણ આ એક માણસ એવો મળ્યો કે ખરેખર હંબલ છે. એટલા ડાઉન ટુ અર્થ છે કે તેમને હંબલ થવાની જરૂર નથી પણ એ તેમની મહાનતા છે. તેઓ ઇનક્રેડીબલ હયુમન બિઈંગ છે.

તેમણે જણાવ્યુ હતુ કે, નાટકમાં કામ કરવા માટે કોઇ કલાસની જરૂર નહીં પડે. કામ જ કામને શીખવે છે એવુ મારુ માનવુ છુ. ટેલેન્ટ અને હુનર હોય તો તમે કરી શકો છો. તમારુ શરીર, તમારો અવાજ અને ટોટલ ફિઝીયોનોમી એ બધાને તમે વિકસાવો તો તમને ફાયદો થાય ખરો. અભિનયની કોઇ માર્કશીટ નથી. સ્ટેજ પર અભિનય કરવો એ ચેલેન્જીંગ બાબત છે. જો કદાચ તમને કશે જઇને એકટીંગ શીખવાની ઇચ્છા થાય તો તમારે એવુ કરવુ જોઇએ. ભારતમાં એવી કોઇ વિશ્વસનીય સંસ્થા મને દેખાતી નથી. લંડનમાં શીખવનારા લોકો છે કે જે માત્ર એકટીંગ શીખવવા માટે જ એકટીંગ કરે છે. એના માટે શિષ્યવૃત્તિ રાખો, જયાંથી શીખવા મળે છે એને ગ્રહણ કરો. નાટકો જોવાનું રાખો, જેથી ખ્યાલ આવશે કે એકટીંગમાં શું કરવુ જોઇએ અને શું ન કરવુ જોઇએ.

લંડન વિશેનો અનુભવ વાગોળતા તેમણે જણાવ્યુ હતુ કે, લંડનમાં ખૂબ જ પ્રોફેશનલ લોકો છે. દરેક યુનિટ સાથે સંકળાયેલા લોકો બધા પોતપોતાની બાબતોમાં જ પડયાપાથર્યા રહે છે. પોતાનું કામ શ્રેષ્ઠ કઇ રીતે કરવું છે તેનામાં જ ઘ્યાન આપે છે. આપણા કરતા એ લોકોની કામ કરવાની પ્રવૃત્તિ ઘણી જુદી છે. એ લોકો ખૂબ જ શિસ્તબદ્ધ પદ્ધતિથી કામ કરે છે. લંડનનો અનુભવ ખૂબ જ જુદો અને સમૃદ્ધ કરી નાંખે એવો અનુભવ રહયો છે.

નેપોટીઝમ વિશે તેમણે કહયુ કે, નેપોટીઝમનું અસ્તિત્વ છે ખરું. ખાસ કરીને ફિલ્મોમાં કોણ કોણે કેવી રીતે ઓળખે છે તેના પર આધાર રાખે છે. ફિલ્મો તેમજ નાટકોમાં કાસ્ટીંગ ખૂબ જ ગ્રેટ બાબત છે. હવે નેપોટીઝમ ઓછુ થવા લાગ્યુ છુ. કારણ કે કેટલાક લોકોને હવે શ્રેષ્ઠ જ જોઇએ છે. એને કારણે સરસ કાસ્ટીંગ થતુ હોય છે. કેટલાક નિર્દેશકો ઘણા વખતથી જોવાતા અભિનેતાને સાવ જુદા જ અભિનયમાં લઇ આવતા હોય છે. દસ – વીસ વર્ષ પહેલાં જેટલુ નેપોટીઝમ હતુ તેટલુ હવે રહયુ નથી.

લેખન વિશે તેમણે જણાવ્યુ હતુ કે, વર્ષ ર૦૦૮માં કવિતાની પંકિત લખી હતી. જીવનના અનુભવોને અભિવ્યકત કરવાની ઇચ્છા થાય ત્યારે તમે કવિતાઓ લખી શકો છો. જીવનમાં ખૂબ જ ઉત્કંઠાથી કશું અનુભવાતું હોય ત્યારે જ લખાતુ હોય છે. અમુક અવસ્થાએ કે યુવાનીની મુકતતા હોય ત્યારે લખવાની ઇચ્છા થતી હોય છે. અભિનેતા અભિનય કરતી વખતે જીવનમાંથી લગભગ બધો જ નીચોડ પોતાના અભિનયમાં મુકતો હોય છે. કલ્પના શકિત પણ પોતાના જીવનમાંથી વણાઇ જતી હોય છે. સ્ટેજ પર મને સૌથી વધારે મજા આવે છે. અભિનયમાં વજુદની વાત કરીએ તો સ્ટેજ મારુ પિયર છે અને ફિલ્મો એ મારુ સાસરુ છે.

વધુમાં તેમણે જણાવ્યુ હતુ કે, ફિલ્મનો અનુભવ સારો રહયો હતો. ઓડિયન્સને જે જોઇતુ હોય એ પ્રોડયુસરે પીરસવુ પડે છે. ગુજરાતી નાટકની સ્થિતિ અત્યારે સારી નથી. ગુજરાતી નાટકોને એકાઉન્ટન્ટ નહીં પણ પેશનવાળા પ્રોડયુસર જોઇશે. ફેમિલિ કોમોડીટી સિવાય બીજુ નવુ કરવાની જરૂર છે. તેમણે શ્રી પ્રવિણ જોશી અને શ્રી વિહંગ મહેતાના નાટકોની પણ ચર્ચા કરી હતી.

ચેમ્બરની એન્ટરટેનમેન્ટ કમિટીના કો–ચેરપર્સન શ્રીમતી નમ્રતા દેસાઇ અને કમિટી સભ્ય શ્રી જવલંત નાયકે કુશળતાપૂર્વક વેબીનારનું સંચાલન કર્યુ હતુ. ચેમ્બરના ઇવેન્ટ્સ એન્ડ પ્રોગ્રામ્સ સેલના હેડ શ્રી મૃણાલ શુકલએ પ્રાસંગિક વિધી કરી હતી. અંતે શ્રીમતી નમ્રતા દેસાઇએ સર્વેનો આભાર માન્યો હતો અને ત્યારબાદ વેબીનારનું સમાપન થયુ હતુ.